Marks:27 | Subject:9th-MATHS | Date:
Chapter:5 | Maths -Std 9 - chap 05 | Time:

**[A] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)** **[06]**

1. **યુક્લિડનાં સ્વયંસિદ્ધ સત્યોની યાદીમાં આપેલ સ્વયંસિદ્ધ 5 એક સનાતન સત્ય કેમ માનવામાં આવે છે ?**
2. **તમે યુક્લિડની પાંચમી પૂર્વધારણાને સરળતાથી સમજી શકાય તેમ કેવી રીતે લખી શકશો ?**
3. **વિધાન સત્ય હોય તેની સામે ✓ અને અસત્ય હોય તેની સામે × ની નિશાની કરો :**
   શ્રીયંત્ર એ અંદરોઅંદર ગૂંથાયેલા નવ વિષમબાજુ ત્રિકોણનું સંયોજન છે.
4. **વિધાન સત્ય હોય તેની સામે ✓ અને અસત્ય હોય તેની સામે × ની નિશાની કરો :**
   બે ભિન્ન બિંદુઓમાંથી પસાર થતી અસંખ્યા રેખા હોય છે.
5. **વિધાન સત્ય હોય તેની સામે ✓ અને અસત્ય હોય તેની સામે × ની નિશાની કરો :**
   થેલ્સ નામના ગણિતશાસ્ત્રીએ Elements નામના ગ્રંથની સ્થાપના કરી.
6. **વિધાન સત્ય હોય તેની સામે ✓ અને અસત્ય હોય તેની સામે × ની નિશાની કરો :**
   યુક્લિડિયન ભૂમિતિ વક્રસપાટી માટે માન્ય છે.

**[B] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૨ ગુણ)** **[14]**

7. **આપેલ વિધાન સત્ય છે કે અસત્ય છે ? તમારા જવાબ માટે કારણ આપો :** એક બિંદુમાંથી પસાર થતી માત્ર એક રેખા દોરી શકાય છે.
8. **આપેલ વિધાન સત્ય છે કે અસત્ય છે ? તમારા જવાબ માટે કારણ આપો :** બે ભિન્ન બિંદુઓમાંથી પસાર થતી અસંખ્ય રેખાઓ હોય છે.
9. **આપેલ વિધાન સત્ય છે કે અસત્ય છે ? તમારા જવાબ માટે કારણ આપો :** એક સાન્ત રેખાને બંને તરફ અનિશ્ચિત રીતે લંબાવી શકાય છે.
10. **આપેલ વિધાન સત્ય છે કે અસત્ય છે ? તમારા જવાબ માટે કારણ આપો :** જો બે વર્તુળ સમાન છે તો તેમની ત્રિજ્યાઓ સમાન હોય છે.
11. **આપેલ વિધાન સત્ય છે કે અસત્ય છે ? તમારા જવાબ માટે કારણ આપો :** આકૃતિમાં જો AB = PQ અને PQ = XY છે, તો AB = XY થાય.
12. **સ્વયંસિદ્ધ સત્યો અને પૂર્વધારણાનો તફાવત સમજાવો.**
13. **શું યુક્લિડની પાંચમી પૂર્વધારણા પરથી સમાંતર રેખાઓનું અસ્તિત્વ નક્કી થાય છે ? સ્પષ્ટ કરો.**

**[C] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૩ ગુણ)** **[03]**

14. **નીચે આપેલાં પદોની વ્યાખ્યા આપો. શું તેના માટે કોઈ એવાં પદ છે જેને વ્યાખ્યાયિત કરવાની જરૂર છે ? એ કયા છે ? અને તમે તેને કેવી રીતે વ્યાખ્યાયિત કરશો ?**
    (i) સમાંતર રેખાઓ (ii) લંબરેખાઓ (iii) રેખાખંડ (iv) વર્તુળની ત્રિજ્યા (v) ચોરસ

**[D] નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (પ્રત્યેકનો ૪ ગુણ)** **[04]**

15. **નીચે વિભાગ I માં ઘન પદાર્થથી બિંદુઓ તથા વિભાગ II માં પરિમાણ આપેલ છે, તો યોગ્ય જોડકાં ગોઠવો :**

| વિભાગ I | | વિભાગ II | |
|---|---|---|---|
| (i) | ઘન પદાર્થ | (a) | એક પરિમાણ |
| (ii) | પૃષ્ઠ | (b) | પરિમાણ નથી |
| (iii) | રેખા | (c) | બે પરિમાણ |
| (iv) | બિંદુ | (d) | ત્રણ પરિમાણ |

MANOJ JOSHI 8718812897